GJSK060015292024

રેગ્યુલર દિવાની મુકદમા નં. ૨૬/૨૦૨૪ના કામે
<u>વાદી તર્ફે આંક : ૫ ની અરજી લગત હુકમ</u>

(૧) સદર કામના વાદીઓએ હાલનો દાવો પ્રતિવાદીઓ વિરુધ્ધ ડેકલેરેશન, કાયમી મનાઈ હુકમ માટેનો કરેલ છે અને એવી દાદ માંગેલ છે કે, વિજયનગર તાલુકના મોજે વિજયનગરની સીમના જુના સર્વે નં.૨૫ કે જેનો રિ–સર્વે બાદ નવો બ્લોક/સર્વે નં. ૨૩૨ની ૦–૨૩–૮૩ હે.આરે.ચો.મી. તથા જુના સર્વે નં. ૨૪/૧ કે જેનો રિ–સર્વે બાદ નવો બ્લોક/સર્વે નં. ૨૪૫ની ૦–૦૬–૫૨ હે.આરે.ચો.મી. દાવાવાળી ખેતીની જમીન પૈકી વાદીઓના હિસ્સાવાળી ૦–૧૦–૦૦ હે.આરે.ચો.મી. જમીનમાં પ્રતિવાદીઓ કે તેમના માણસો, નોકરો, એજન્ટો કે એસાઈનીઓ વાદીઓને વાવેતર કરતાં, ઉપજ–નિપજ લેતાં, અવર–જવર કરતાં, રોકે–રોકાવે નહીં કે, અડચણ અંતરાય કે રૂકાવટ થાય તેવુ કોઈ કૃત્ય કરે કરાવે નહીં કે, દાવાવાળી જમીનના રેવન્યુ રેકર્ડે કોઈ ફેરફાર કરે કરાવે નહીં કે દાવાવાળી ખેતીલાયક જમીન અન્ય કોઈને વેચાણ, ગીરો, બક્ષિસ કે અન્ય કોઈપણ રીતે તબદીલ કરે કરાવે નહીં તેવો દાવાઓના લાભમાં અને પ્રતિવાદીઓના વિરૂધ્ધ કાયમી મનાઈ હુકમ ફરમાવવા અંગેની દાદની માંગણી કરેલી છે.

વાદીએ દાવા અરજી સાથે હાલ અરજી આંક–૫ થી રજુ રાખી માંગણી કરેલ છે કે, દાવાવાળી વિજયનગર તાલુકના મોજે વિજયનગરની સીમના જુના સર્વે નં.૨૫ કે જેનો રિ–સર્વે બાદ નવો બ્લોક/સર્વે નં. ૨૩૨ની ૦–૨૩–૮૩ હે.આરે.ચો.મી. તથા જુના સર્વે નં. ૨૪/૧ કે જેનો રિ–સર્વે બાદ નવો બ્લોક/સર્વે નં. ૨૪૫ની ૦–૦૬–૫૨ હે.આરે.ચો.મી. દાવાવાળી ખેતીની જમીન પૈકી વાદીઓના હિસ્સાવાળી જમીનમાં પ્રતિવાદીઓ કે તેમના માણસો, નોકરો, એજન્ટો કે એસાઈનીઓ વાદીઓને વાવેતર કરતાં, ઉપજ–નિપજ લેતાં,

અવર–જવર કરતાં, રોકે–રોકાવે નહીં કે, અડચણ અંતરાય કે રૂકાવટ થાય તેવુ કોઈ કૃત્ય કરે કરાવે નહીં કે, દાવાવાળી જમીનના રેવન્યુ રેકર્ડે કોઈ ફેરફાર કરે કરાવે નહીં કે દાવાવાળી ખેતીલાયક જમીન અન્ય કોઈને વેચાણ, ગીરો, બક્ષિસ કે અન્ય કોઈપણ રીતે તબદીલ કરે કરાવે નહીં તેવો દાવાઓના લાભમાં અને પ્રતિવાદીઓના વિરૂધ્ધ કામ ચલાઉ મનાઈ હુકમ ફરમાવવા દાદની માંગણી કરેલી છે.

(૨). વાદીના દાવાની ટૂંકમાં હકીકત એવી છે કે, વાદી તથા પ્રતિવાદીઓ સગા છે તથા વાદીઓ તથા પ્રતિવાદીઓ મર્હુમ વડીલ વણકર ધુળાજી કાળાજીના કાયદેસરના વારસો છે. દાવાવાળી મોજે વિજયનગરની સીમના જુના સર્વે નં.૨૫ કે જેનો રિ–સર્વે બાદ નવો બ્લોક/સર્વે નં. ૨૩૨ની ૦–૨૩–૮૩ હે.આરે.ચો.મી. જુની શરતની જમીન પટેલ ડાહ્યાભાઈ કાળાભાઈ અને પટેલ સુકાભાઈ કાળાભાઈની સંયુકત માલીકીની હતી તથા મોજે વિજયનગરની સીમના જુના સર્વે નં.૨૪/૧ કે જેનો રિ–સર્વે બાદ નવો બ્લોક/સર્વે નં. ૨૪૫ની ૦–૦૬–૫૨ હે.આરે.ચો.મી. વાળી ખેતીની જમીન પટેલ સુકાભાઈ કાળાભાઈનસ સ્વતંત્ર માલીકીની હતી. મજકુર બંન્ને સર્વે નંબરોની ખેતીનલાયક જમીનો વાદી નં.૧ સ્વર્ગવાસી પતિ મનજીભાઈ ધુળાજી વણકર અને વાદી નં.૫ અને પ્રતિવાદી નં.૧ અને ૨ નાઓએ મળી ચારેય ભાઈઓએ પટેલ ડાહ્યાભાઈ કાળાભાઈ અને પટેલ સુકાભાઈ કાળાભાઈ પાસેથી સને.૧૯૮૬ / ૮૭ માં રૂા.૨૫,૫૦૦/– પુરા અવેજની રકમ નકકી કરીને સંયુકત રીતે વેચાણ હકકથી વેચાણ રાખેલ હતી અને વેચાણ અવેજની નકકી કરેલ રકમ ચારેય ભાઈઓએ એક સરખા ભાગે રૂા.૬,૩૭૫/– મુજબ જમીન માલીકોને ચૂકવી આપવાના થતા હતા. તે મુજબ વાદી નં.૧ અને વાદી નં. ૫નાઓએ તેઓના ભાગની રકમ આ કામના પ્રતિવાદી નં.૧ ગુલાબભાઈ ધુળાજી વણકર પરિવારના વડીલ હોવાથી રેવડ રામજીભાઈ ધુળાજી મારફતે તેમની સાક્ષીમાં પ્રતિવાદી નં.૧ને હાથો હાથ ચૂકવી આપેલા અને પ્રતિવાદી નં.૧ અને ૨ નાઓએ તેમના હિસ્સાની રકમ મળી કુલ રૂા.૨૫,૫૦૦/– પુરા પટેલ ડાહ્યાભાઈ કાળાભાઈ અને પટેલ સુકાભાઈ કાળાભાઈને જમીનના વેચાણ અવેજની પુરેપુરી રકમ ચૂકવી આપેલી અને સદર જમીનના માલીકોએ વેચાણ રાખેલ જમીનનો પ્રત્યક્ષ

કબ્જો ભોગવટો વાદીઓ અને પ્રતિવાદી નં.૧ અને ૨ ને સુપ્રત કરેલો અને વેચાણ દસ્તાવેજ કરવાનો બાકી રાખેલો. ત્યાર બાદ આ વેચાણ રાખેલ જમીનની ભાઈઓ ભાગે મૌખુક વહેચણી કરી જમીનના કુલ–૪ ભાગ પાડેલા, જે પૈકી ૦–૧૦–૦૦ હે.આરે.ચો.મી. જમીન વાદી નં.૧ના હિસ્સામાં આવેલી હોઈ, વેચાણનો અવેજ ચૂકવ્યો ત્યારથી પ્રત્યક્ષ કબ્જો ભોગવટો ધરાવી ખેતી કરી ઉપજ લે છે. સદરહુ જમીનનો વેચાણ દસ્તાવેજ કરવા વાદી નં.૧ના પતિ સ્વર્ગવાસી મનજીભાઈ અને વાદી નં.૫ નાઓએ અવાર–નવાર પ્રતિવાદી નં.૧નાઓને કહેતા આવેલા પરંતુ બહાના બતાવી આ કામના પ્રતિવાદી નં.૧નાએ વેચાણ દસ્તાવેજ રજીસ્ટર્ડ કરાવેલ નહીં. સદરહુ જમીનોમાંના વાદીઓના કાયદેસરના હકકો ડુબાડવાના હકક બદઆશયથી વાદીઓની જાણ બહાર અને કોઈપણ જાતની સહિ, સંમતિ લીધા સિવાય તારીખ : ૧૦/૦૫/૨૦૧૭ના રોજ સબ રજીસ્ટ્રાર કચેરી – વિજયનગર નાઓને વેચાણ આપનારા જમીન માલીકોને પ્રતિવાદી નં.૧ તથા ૨ નાઓએ હાજર રાખીને રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં. ૩૯ અને ૪૦ થી પ્રતિવાદી નં.૧ના નામે રજીસ્ટર્ડ કરાવી લીધેલ છે અને તેની નોંધ અનુ. નં.૨૨૮૭ અને ૨૨૮૮ ની ગેરકાયદેસર રીતે પડાવી મંજુર કરાવી લીધેલ છે અને ત્યાર બાદ પ્રતિવાદી નં.૧નાઓએ હયાતીમાં હકક–દાખલ નોંધ નં. ૨૪૬૩ થી તારીખ : ૩/૭/૨૦૨૧ના રોજ પડાવી સદર જમીન રેવન્યુ રેકર્ડે પ્રતિવાદી નં.૧ના વારસોના નામો દાખલ કરાવી લીધેલ છે. વાદી નં.૧ સને.૧૯૮૬/૮૭ થી તેઓના ભાગની જમીનમાં પિયત કરી વાવેતર લેતા આવેલા છે અને બોર બનાવી વિજ કનેકશન પણ પ્રતિવાદી નં.૧ના રહેઠાણના મકાનમાંથી લઈ વાપર ઉપયોગ કરી લેતા આવેલા છે. આ કામના પ્રતિવાદી નં.૧નાએ વાદીઓને વેચાણ દસ્તાવેજ રજીસ્ટર્ડ કર્યા અં ગેની કોઈ જાણ કરેલ નહીં કે થવા દીધેલ નહીં. ત્યાર બાદ સને.૨૦૨૨ માં પ્રતિવાદી નં.૧ નાએ તેમની પોતાની તરફેણમાં સદર જમીનોના વેચાણ દસ્તાવેજ રજીસ્ટર્ડ કરાવી લીધેલાની તથા પરિવારના સભ્યોના નામ પણ દાખલ કરાવેલાની હકીકત પણ વાદીઓને જાણ કરતાં પ્રતિવાદી નં.૧નાને રૂબરૂ મળીને આ બાબતે તેઓ સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કરી ફકત પોતાના નામે જ દાવાવાળી જમીનનો વેચાણ દસ્તાવેજ

વાદીની જાણ બહાર શા માટે રજીસ્ટર્ડ કરાવી લીધેલ છે, તેવું જણાવતાં પ્રતિવાદી નં.૧નાએ જણાવેલ કે, આપણે વેચાણ રાખેલ જમીનમાં દસ્તાવેજ વખતે તમોને હાજર રાખી રજીસ્ટર્ડ કરાવવાના હતાં પરંતુ ઉતાવળમાં વેચાણ દસ્તાવેજ કરાવી દીધેલ હોઈ, દાવાવાળી જમીનના ૭/૧૨ના રેકર્ડે તમારા નામો દાખલ કરાવી આપીશું, તેવો વિશ્વાસ અને ખાત્રી આપેલી, તેમ છતાં તેઓએ વાદીના નામ દાખલ કરાવવાની કોઈ તજવીજ કે કાર્યવાહી કરેલ નહીં અને વાદીઓ તેઓના કબ્જા ભધોગવટાવાળી નવીન બ્લોક/સર્વે નં.૨૩૨ વાળી જમીનમાં ખેતી કરતાં હતા ત્યારે વાદીઓને આ જમીનનો કબ્જો છોડી દેવા અને વાવેતર નહીં કરવાદેવાની ધમકીઓ આપતાં હોઈ, જેથી વાદીઓના કાયદેસરના હકકો કાયમ માટે નષ્ટ થાય તેમ હોઈ પ્રતિવાદી નં.૧નાઓનું ગેરકાયદેસરનું કૃત્ય અટકાવવું જરૂરી હોઈ જેથી વાદીઓએ હાલનો દાવો અત્રેની કોર્ટમાં દાખલ કરેલ છે.

(૩). વાદીઓની દાવા અરજી તથા હાલની અરજી અંગે પ્રતિવાદી ઓને સમન્સ–નોટીસ કરતાં પ્રતિવાદીઓ તેઓના વિ.વ.શ્રી મારફતે હાજર થયેલ છે, તથા પ્રતિવાદી નં.૧ તથા ૩ થી ૭ તર્ફે આંક–૨૫ થી લેખિત વાંધા–જવાબ રજુ રાખેલ છે તથા વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીની મહદઅંશે તમામ હકીકતોનો ઈન્કાર કરી એવું જણાવેલ છે કે, દાવાવાળી જમીનના મૂળ માલીકો વેચાણ કરવા માંગતા હોઈ, પ્રતિવાદી નં.૧નાએ જે તે વખતે વેચાણ અવેજ નકકી કરી મૌખિક રીતે વચાણ – સોદો કરી જેમ જેમ જાણાંની જરૂર પડશે તેમ ટૂકડે ટૂકડે ચૂકવી આપવાની શરતે દાવાવાળી બંન્ને જમીનો વેચાણ રાખી પ્રત્યક્ષ કબ્જો સંભાળેલ હતો અને જયારે જરૂર પડે ત્યારે માલીકી હકકે પાકકો રજી.વેચાણ દસ્તાવેજ કરી આપવા જમીન માલીકોને ખાત્રી આપેલ અને તે મુજબ સદર જમીનો પ્રતિવાદી નં.૧ના નામે કરવા સને.૨૦૧૭ માં વેચાણ દસ્તાવેજ જમીનના માલીકોએ કરી આપેલ અને મૂળથી ૧૯૯૨ માં વેચાણ સોદા મુજબ સુપ્રત કરેલ કબ્જો ભોગવટો પાકકા દસ્તાવેજ મુજબ યથાવત રાખેલ અને ત્યારથી પ્રતિવાદી નં.૧ના સ્વતંત્ર માલીક બનેલ હતા અને મૂળથી કબ્જો પ્રતિવાદી નં.૧ પાસે યથાવત હતો અને પ્રતિવાદી નં.૧ સને.૧૯૯૨ થી ખેતી કરતા હોઈ જમીન ફળદ્રુપ કરતા આવેલા અને ચોમાસામાં ધોવાણ થતુ હોઈ ખેતીના

પાકને નુકશાન ન થાય તે માટે વચ્ચે એક પાળો નાંખી, આડબંધ કરી, કયારીઓ બનાવી ખેતી કરે છે. જયારે બ્લોક નં.૨૪૫ માત્ર ૦–૦૬–૫૨નો નાનો ટૂકડો હોઈ માટી પુરાણ કરી સમતળ બનાવેલ છે અને આ બંન્ને બ્લોક નંબરોમાં ૦–૧૦–૦૦ મુજબનો કોઈ જ ટૂકડો હયાત નથી અને વાદીઓને તેઓનો હિસ્સો હોવાની હકીકત ઉપજાવી કાઢેલ છે, તથા વાદીઓએ પ્રતિવાદી નં.૧ને જમીનના હિસ્સા માટે કોઈ રકમ ચૂકવી આપેલ નથી કે તેઓનો બંન્ને બ્લોકમાં કોઈપણ પ્રકારનો હકક–હિસ્સો આવેલ નથી કે પ્રતિવાદી નં.૨નો પણ કોઈ જ લાગ, ભાગ હકક–હિસ્સો નથી. આમ, એક માત્ર દાવાવાળી જમીનમાં વાદીઓનો કોઈ જ લાગ, ભાગ હકક–હિસ્સો રહેલ ન હોવા છતા, વાદીઓએ ખોટ્રો દાવો દાખલ કરેલ હોઈ વાદીનો દાવો તથા મનાઈ અરજી મૂળ થી જ ખોટ્રી હોઈ, રદ કરવા અરજ કરેલ છે.

પ્રતિવાદી નં.૨ તર્ફે આંક–૨૬ થી પુરસીસ આપી પ્રતિવાદી નં.૧ તર્ફે રજુ થયેલ જવાબ પ્રતિવાદી નં.૨નો ગણી લેવા જાહેર કરેલ છે.

(૪). વાદીઓ તથા પ્રતિવાદીઓ પક્ષ તર્ફે હાલના કામે નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખવામાં આવેલ છે.

<u>વાદી પક્ષનો દસ્તાવેજી પુરાવો :</u>

અ.નં.	વિગત	નિશાની
૧.	મોજે : વિજયનગરના બ્લોક/સર્વે નં.૨૪૫નો ગામ નમુના નં.૭/૧૨નો ઉતારો.	નિ.૪/૧
૨.	મોજે : વિજયનગરના ખાતા નં.૬૯૮નો ગામ નમુના નં.૮/અ નો ઉતારો.	નિ.૪/૨
૩.	મોજે : વિજયનગરના બ્લોક/સર્વે નં.૨૩૨નો ગામ નમુના નં.૭/૧૨નો ઉતારો.	નિ.૪/૩
૪.	મોજે : વિજયનગરના ખાતા નં.૬૯૯ નો ગામ નમુના નં.૮/અ નો ઉતારો.	નિ.૪/૪
૫.	મોજે : વિજયનગરના બ્લોક/સર્વે નં.૨૪૫ના રજી.વેચાણ દસ્તાવેજ નં.૩૯ ની નકલ.	નિ.૪/૫

૬.	મોજે : વિજયનગરના બ્લોક/સર્વે નં.૨૩૨ના રજી.વેચાણ દસ્તાવેજ નં.૪૦ની નકલ.	નિ.૪/૬
૭.	રજી.વેચાણ દસ્તાવેજ નં.૩૯ આધારે ગામ રેકર્ડે પડેલ વેચાણ નોંધ નં.૨૨૮૭.	નિ.૪/૭
૮.	રજી.વેચાણ દસ્તાવેજ નં.૪૦ આધારે ગામ રેકર્ડે પડેલ વેચાણ નોંધ નં.૨૨૮૮.	નિ.૪/૮
૯.	હયાતીમાં હકક દાખલ નોંધ નં.૨૪૬૩.	નિ.૪/૯
૧૦.	નરેવડ રામજીભાઈ ઘુળાભાઈએ કરી આપેલ સોગંદનામાંની નકલ.	નિ.૪/૧૦
૧૧.	વિજયનગર પો.સ્ટે.માં વાદી નં.૧ નાએ આપેલ ફરીયાદ અરજીની નકલ.	નિ.૪/૧૧

<u>પ્રતિવાદી પક્ષનો દસ્તાવેજી પુરાવો :</u>

પ્રતિવાદીઓ તર્ફે કોઈ જ દસ્તાવેજી પુરાવો રજુ રાખવામાં આવેલ નથી.

(૫). વાદી પક્ષ તર્ફે હાલના કામે આંક–૨૮ થી હાલની અરજી સંદર્ભે લેખિત દલીલો રજુ રાખેલ છે, જેને વંચાણે લીધેલ છે.

પ્રતિવાદી નં.૧ તથા ૩ થી ૭ તર્ફે હાલના કામે આંક–૩૧ થી હાલની અરજી સંદર્ભે લેખિત દલીલો રજુ રાખેલ છે, જેને વંચાણે લીઘેલ છે, તથા પ્રતિવાદી નં.૨ તર્ફે વિ.વ.શ્રી એચ.કે. વ્યાસ દ્વારા કરવામાં આવેલ મૌખિક દલીલો સાંભળેલ છે.

(૬). પક્ષકારો તર્ફે રજુ થયેલ પક્ષ નિવેદનો, લેખિત દસ્તાવેજો તથા દલીલો ઘ્યાને લીઘેલ છે.

(૭). વચગાળાનો મનાઈ હુકમ એ એક સમન્યાયી દાદ છે. વચગાળાનો મનાઈ હુકમ મેળવવા વાદીએ પોતાનો પ્રથમદર્શનીય કેસ પુરવાર કરવો પડે, તથા સગવડતા તથા અગવડતાની સમતુલા વાદીની તરફેણમાં છે, તે પુરવાર કરવુ પડે તથા જો વાદીને મનાઈ હુકમ ન આપવામાં આવે તો, વાદીને નાણાંમાં ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન

જશે તે હકીકત પુરવાર કરવી પડે. મનાઈ હુકમ માંગનારે વિના વિલંબે તથા મહત્વની હકીકતો છુપાવ્યા વગર સ્વચ્છ હાથે આવવુ જોઈએ. આમ, સદરહુ સિધ્ધાંતો નજર સમક્ષ રાખી હાલની અરજીએ પરિપ્રેક્ષ્યમાં કેટલા અંશે આવે છે, તે જોઈશું.

અત્રે એ નોંધવું જરૂરી છે કે, આ તબકકે આ કોર્ટ ધ્વારા માત્ર દરમ્યાન કામચલાઉ મનાઈ હુકમ મેળવવાની અરજીનો નિર્ણય કરવા જઈ રહયા હોઈ, ત્યારે નામ. સર્વોચ્ચ અદાલતે Maria Margarida sequeria V/s. Erasmo Jack de sequeria Dt.21/03/2012, Civil Application No. 2968 of 2012 નાં કેસમાં ઠરાવેલ સિધ્ધાંતો મુજબ દરમ્યાન મનાઈ હુકમ અંગેની અરજી અંગે મુખ્યત્વે ત્રણ મુદ્દાઓ, પ્રથમ દર્શનીય કેસ, નાણાંમાં ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન અને સગવડતા અગવડતાનું પલડું ઉપર નિર્ણય કરવાની હોય છે. આ ત્રણ મર્યાદિત મુદ્દાઓ કોર્ટે આ અરજીના નિર્ણય માટે ચકાસવાના રહે છે.

(૮). હવે દાવો લાવનાર વાદીનો પ્રથમદર્શનીય કેસ છે કે કેમ, તે ચકાસીએ તો વાદીએ પોતાની દાવા અરજીમાં એવી હકીકત જણાવેલ છે કે, દાવાવાળી બંન્ને જમીનો વાદી નં.૧ સ્વર્ગવાસી પતિ મનજીભાઈ ધુળાજી વણકર અને વાદી નં.૫ અને પ્રતિવાદી નં.૧ અને ૨ નાઓએ મળી ચારેય ભાઈઓએ પટેલ ડાહયાભાઈ કાળાભાઈ અને પટેલ સુકાભાઈ કાળાભાઈ પાસેથી સને.૧૯૮૬ / ૮૭ માં રૂા.૨૫,૫૦૦/– પુરા અવેજની રકમ નકકી કરીને સંયુકત રીતે વેચાણ હકકથી વેચાણ રાખેલ હતી અને વેચાણ અવેજની નકકી કરેલ રકમ ચારેય ભાઈઓએ એક સરખા ભાગે રૂા.૬,૩૭૫/– મુજબ જમીન માલીકોને ચૂકવી આપવાના થતા હતા. તે મુજબ વાદી નં.૧ અને વાદી નં. ૫નાઓએ તેઓના ભાગની રકમ આ કામના પ્રતિવાદી નં.૧ ગુલાબભાઈ ધુળાજી વણકર પરિવારના વડીલ હોવાથી રેવડ રામજીભાઈ ધુળાજી મારફતે તેમની સાક્ષીમાં પ્રતિવાદી નં.૧ને હાથો હાથ ચૂકવી આપેલા અને પ્રતિવાદી નં.૧ અને ૨ નાઓએ તેમના હિસ્સાની રકમ મળી કુલ રૂા.૨૫,૫૦૦/– પુરા પટેલ ડાહયાભાઈ કાળાભાઈ અને પટેલ સુકાભાઈ કાળાભાઈને જમીનના વેચાણ અવેજની

પુરેપુરી રકમ ચૂકવી આપેલી અને સદર જમીનના માલીકોએ વેચાણ રાખેલ જમીનનો પ્રત્યક્ષ કબ્જો ભોગવટો વાદીઓ અને પ્રતિવાદી નં.૧ અને ૨ ને સુપ્રત કરેલો અને વેચાણ દસ્તાવેજ કરવાનો બાકી રાખેલો. ત્યાર બાદ આ વેચાણ રાખેલ જમીનની ભાઈઓ ભાગે મૌખુક વહેચણી કરી જમીનના કુલ–૪ ભાગ પાડેલા, જે પૈકી ૦–૧૦–૦૦ હે.આરે.ચો.મી. જમીન વાદી નં.૧ના હિસ્સામાં આવેલી હોઈ, વેચાણનો અવેજ ચૂકવ્યો ત્યારથી પ્રત્યક્ષ કબ્જો ભોગવટો ધરાવી ખેતી કરી ઉપજ લે છે. જે સંદર્ભે વાદી તર્ફે રજુ દસ્તાવેજો જવામાં આવે તો, વાદી તર્ફે એવો કોઈ દસ્તાવેજી પુરાવો રજુ રાખવામાં આવેલ નથી, જેનાથી પ્રથમદર્શનીય રીતે જણાઈ આવે કે, વાદીઓએ દાવાવાળી જમીનો વેચાણ રાખવા માટે પ્રતિવાદી નં.૧ ને તેઓના હિસ્સાની રકમ આપેલ હોય. સદર કામે રજુ નિ.૪/૫, ૪/૬ વાળા વેચાણ દસ્તાવેજો ધ્યાને લેતાં સદરહુ દસ્તાવેજો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજો છે અને તેમાં વેચાણ લેનાર તરીકે પ્રતિવાદી નં.૧ નું નામ ચાલી આવેલ છે. તેમજ નિ.૪/૧, ૪/૨, ૪/૩ તથા ૪/૪ વાળા રેવન્યુ રેકર્ડ વંચાણે લેતાં તેમાં રેવન્યુ રેકર્ડે પ્રતિવાદી નં.૧ તથા ૩ થી ૭નાઓના નામો ચાલી આવેલાનું જણાઈ આવે છે. વધુમાં વાદી તર્ફે નિ.૪/૧૦ થી રજુ સોગંદનામું ધ્યાનેલેતાં તે સોગોદનામું તારીખ : ૧/૪/૨૦૨૨ના રોજ કરવામાં આવેલ છે, જ્યારે સદરહુ વેચાણ દસ્તાવેજો વર્ષ–૨૦૧૭ માં કરવામાં આવેલ છે. વધુમાં નિ.૪/૧૦ વાળુ સોગંદનામું ધ્યાને લેતાં તેમાં એવી હકીકત જણાવેલ છે કે, ચારેય ભાઈઓ પૈકી સ્વર્ગવાસી વણકર મનજીભાઈ નારણભાઈ બે ભાઈના ભાગના રૂા.૧૨,૭૫૦/– સોગંદનામું કરનારને આપતાં તે તેઓના હાથે વણકર મનજીભાઈ ધુળાજી તથા તેમના પત્નિ વણકર વાલીબેન મનજીભાઈ અને વણકર નારણભાઈ ધુળાજી આ ત્રણેય વ્યકિતઓની હાજરીમાં ઘરના વડીલ તરીકે ગુલાબભાઈ ધુળાજીને રૂા.૧૨,૭૫૦/– આપેલ હતા. જે તે સમયે જમીન વેચાણ રાખેલ તે સમયે સ્ટેમ્પ પણ કરેલ, તે તેઓની હાજરીમાં થયેલ છે. આમ, આ સોગંદનામાંની હકીકત મુજબ જમીન જ્યારે વેચાણ રાખેલ ત્યારે કોઈ સ્ટેમ્પ પેપર ઉપર લખાણ થયેલ હોય તેવો કોઈ લખાણ હાલના કામે રજુ રાખવામાં આવેલ નથી. આમ, વાદીઓની દાવા અરજી તથા મનાઈ અરજીના કથન મુજબ

દાવાવાળી બંન્ને જમીનોમાં વાદીઓનો હકક, હિત – હિસ્સો આવેલ હોઈ, તે હકીકત પ્રથમ દર્શનીય રીતે રેકર્ડ જોતાં જણાઈ આવતી નથી અને હાલના તબકકે વાદીઓનો પ્રથમ દર્શનીય કેસ છે તે માનવુ સલામતીભર્યુ જણાઈ આવતુ નથી.

આમ, ઉપરોકત ચર્ચા કરી તે મુજબ વાદીઓ તથા પ્રતિવાદીઓએ દાવા વાળી જમીન સંયુકત રીતે વેચાણ રાખેલ હોય અને વાદીઓ તથા પ્રતિવાદીઓ વચ્ચે વહેંચણી થયેલ હોય તેવો કોઈ પ્રથમ દર્શનીય પુરાવો રેકર્ડ ઉપર જણાઈ આવતો ન હોઈ, તે હકીકત ઘ્યાને લેતાં હાલના તબકકે વાદીનો પ્રથમદર્શનીય કેસ માનવો સલામતી ભર્યુ જણાઈ આવતુ નથી. જેથી આ તબકકે વાદીનો પ્રથમદર્શનીય કેસ જણાઈ આવતો નથી.

આમ, જયારે વાદીનો પ્રથમ દર્શનીય કેસ જ જણાઈ આવતો ન હોઈ અને દાવાવાળી જમીન વાદીઓ તથા પ્રતિવાદીઓની સંયુકત માલીકીની હોય અને તેઓએ સંયુકત રીતે વેચાણ રાખેલ હોય તેવું પ્રથમ દર્શનીય રીતે જણાઈ આવતુ ન હોઈ તે સંજોગોમાં વાદીઓની તરફેણમાં હુકમ કરવો વ્યાજબી જણાઈ આવતુ નથી તથા બેલેન્સ ઓફ કન્વીનીયન્સ તથા સગવડતા–અગવડતાનું પલડું પણ વાદીઓની તરફેણમાં જણાઈ આવતુ નથી તથા વાદીને નાણાંમાં ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન જશે તેવું પણ હાલના તબકકે જણાઈ આવતુ નથી અને જો વાદીઓની તરફેણમાં મનાઈ હુકમ આપવામાં આવે તો, પ્રતિવાદીઓના દિવાની હકકોને નુકશાન થાય તેવું જણાઈ આવે છે.

(૯). ઉપરોકત કરેલ ચર્ચા અનુસાર સમન્યાયી દાદ મેળવવાના કોઈ આવશ્યક તત્વો વાદીની તરફેણમાં જણાઈ આવતાં ન હોઈ, વાદીની હાલની અરજી મંજુર થવા પાત્ર જણાઈ આવતી ન હોઈ, વાદીની હાલની મનાઈ અરજી પરત્વે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

:: <u>હુકમ</u> ::

૧). વાદીની હાલની આંક–પની અરજી આથી ના–મંજુર યાને રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨). ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજ તારીખ : ૧૯મી, માહે : જુલાઈ, સને.૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

(સહી/– અવાચ્ય)

સ્થળ : વિજયનગર.
તારીખ : ૧૯/૦૭/૨૦૨૫.

(મોહમદસરફરાઝ અબ્દુલકાદર શેખ)
પ્રિન્સીપાલ સીવીલ જજ – વિજયનગર
(જી.જે.૦૧૬૨૮)